૩૪ નારંગી ૫ જણાને સરખી રીતે વેંચીએ તો કેટલી વધે.

એક કોઠારમાં ૧૫ મણ બાજરી ૩૭ મણ ઘઉં ૧૫ મણ ચોખ ૧૯ મણ મગ એ બધુ થઇ કેટલું અનાજ હસે.

એક ગામમાં ૧૭ બામણ છે બામણથી ચાર ઘણાં વાણિઆ છે, વાણીઆથી ૫ ગણા મુસલમાન છે, મુસલમાનથી ૧૦ ગણી બીજી જાતના માણસો છે, તો તે ગામની વસ્તી કેટલી ?

એક નિશાળમાં ૧૬ છોકરા છે અને બાર છોડીઓ ભણે છે છોકરાની ફી ૪ આના છે અને છોડીઓની ફી ૨ આના છે તો કુલ કટલી ફી ઊપજે ?

ભુગોળ વિધા.

ચાલો છોકરાઓ ! આજે ગામમાં ફરવા જઇએ, ફરતાં શહેરમાં જે જુઓ તે યાદ રાખજો.

જુએ આ. ગ? આપણા માંગ કેટલાં બધાં ઘર છે અહો

સાહેબ મારી શેરીમાં તો આશરે ત્રણશે જેટલાં ઘર છે ગામમાં એવી શેરાઓ ઘણી છે. જુઓ આ મકાનો આપણા ગામમાં છે જુઓ આ બંગલો કેવો સારો છે ! ઊંચાં શીખરવાળા દહેરાં કેવાં છે ! આ મોટા રસ્તા ઊપર અપણે ચાલ્યા જઇએ છીએ તેની બન્ને બાજુઓ આશું છે ! એતો પાંણી જવાની ગટર છે, સાહેબ જરા હળવે હળવે ચાલોને. મારે આ બજાર જોવી છે. અરે એ બજારમાં તે શું જોવાનું હતું! આગળ તો ચાલો આ મોટી બજાર આવી તે જુઓ. સહેબ આ ઠણણ ઠણણ અવાજ શેના સંભળાય છે! એતો બજારમાં કંસારા . સોની. લુહાર વગેરે પોતાના ઘાટો ઘડે છે તેનાથી સંભળાય છે. ભાઇ જુઓ આ બજાર આવી. અહો ! કાપડિયા. સોની લુહાર દરજી, મોચી, ઘાચી, મણીયાર, કુભાર, સ્લાટ વિગેરે પોતાનો માલ કેવા વેચવાને બેઠા છે. માલ વેચી વળી પાછે બીજો માલ મંગાવશે જોયું વેપાર કેવો ઝપાટાબંધ ચાલે છે ! આવો વેપાર ભાવનગર. અમદાવાદ રાજકોટ પુના મુંબાઇમં સૌથી વધારે વેપાર ચાલે છે રૂ વગેરેનાં મોટાં કારખાનાં પણ હોય છે ને ઘણો ધંધો ચાલવાથી લોકો પણ ઘણાં ભેગાં થાય છે. માટે વસ્તી પણ ત્યાં ઘણી છે. એનાથી થોડાં નાના નાના શહેરો જેવાંકે ધ્રાંગધ્રા. લીંબડી વઢવાણ. પાલીતાણા વિગેરેમાં જોવામાં આવે છે. શહેરોથી નાનાં હોય તે ગામડાં કહેવાય ત્યાં બધી જાતનો માલ મળી શકે નહી. તેથી પડખેના શહેરોમાંથી જે માલ જોઇએ તે આવી લઇ જાય. શહેરે. વાળા મોટા શહેરમાંથી જથા બંધ માલ મંગાવે છે. જુઓ આ અગાઊના રાજાઓએ પોતાના બચાવ માટે કરેલા કિલ્લા રહ્યા, આ તો ખંડેર કહેવાય આ મોટી ખણુતો જુઓ એમાં કેટલું બધું અનાજ ભરેલું છે દુકાળના વખતમાં એમાંથી. અંનાંજ પુરૂ

પાડવામાં આવતું. જુઓ આ પાણાની ખાણુ તેમાંથી પાણા કાઢી ઘર બાંધવાના કામમાં આવે છે,

જુઓ તમે શહેરમાં રસ્તા શેરીઓ બંગલા, કિલ્લા, દહેરાં, ઘર ખાણો વગેરે જોયું વળી બજારમાં લોકો જુદી જુદી જાતની કારીગરી કરે છે તે પણ જોયું ચાલો હવે બહાર જઇએ ને ત્યાં જોઇએ પહેલાં આ બાગમાં ચાલો જઇને બેસીએ; મને બહુ થાક લાગ્યો છે માટે વીશામો લઇએ ઓહો આ આંબો; રાયેણ, નાળીએરી, ખજુર, અંજીર, ચારોળી, બદામ, પસતાં, અખોડ. દ્રાક્ષ, કાજુ, જાયફળ, લવીંગ, વિગેરેનાં ઝાડ જુઓ ઓહો આ ગુલાબ મોગરો, ચંબેલી ચંપા વીગેરેમાંથી કેવી સુગંધી આવે છે, જુઓ આ ખાડી તેમાં કેટલું બધું પાણી ભર્યું છે. ? આટલુ બધુ પાણી કયાં હશે. ! સમુદ્રમાં જુઓ આ સમુદ્રમાં વહાણો. હોડીઓ આગબોટો વીગેરે ચાલે છે, ને તેમાં હજારો માણસો બેઠા છે, તેમાં વળી પરદેશથી માલ પણ ભરેલો છે એક બીજા દેશમાંથી માલ લઇ જવો લાવવો હોય તો તેમાં ભરે છે, દરીયાનું પાણી ચાખી જુઓ કેવું લાગે છે,! ખારૂ લાગે છે ત્યારે મીઠુ કયાં હશે ? નદી, તળાવ, કુવા, વિગેરેમાં હોય છે. એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવું, હોય ને વચમાં દરીઓ હોય તો વહાણ, આગબોટ વીગેરેમાં બેસવું પડે પણ વચમાં જમીન હોય તો કેમ કરો ? કાંતો ચલીને જઇએ ને કાંતો રેલવે ગાડીમાં બેસીને જઇએ, તમે રેલવે જોઇ છે ? હા, હું અમદાવાદ ગયો ત્યારે એમાં બેસીને ગયો હતો તે જમીન ઉપર મોટા મોટા લોઢાના પાટા જડેલા છે, તે ઉપર ચાલતી હતી. પણ જ્યાં રેલવે ન હોય ત્યાંથી ગાડામાં માલ મંગાવે છે, સાહેબ હું જે ગાડીમાં બેઠો હતો કાંણે ઠેકાણે ઉભી રહે ને નવા માણસો બેસા જતા, જેને જે

ગામ જવું હોય તે ઉતરી જતાં. બરાબર એને સ્ટેશન કહેછે તે-વીજ રીતે વહાણ જે ઠેકાણે ઉભુ રહી માણસો લે તથા માલની ચડ ઉતરી થાય તેવા શહેર ને બંદર કહે છે, તેવા બંદર ધોઘા, પોરબંદર, દીવ, મહુવા, મુંબાઇ, ભાવનગર, વિગેરે છે ત્યારે તમને હવે ખાત્રી થઇ હસે કે દરીયાનું પાણી ખારૂ હોય દરિયા કાંઠે ગામ હોય તેને બંદર કહેને જયાં ઘણો વેપાર ચાલતો હોય તથા મોટા કારખાના હોય તેને શહેર કહે છે. એ શિવાય રસ્તા, મકાને, ખંડેરો, ખાણો ઝાડ ખાડીઓ વીગેરે જાણ્યું જુઓ આમાં કેટલું બધું પાણી છે ને આ પથરથી બાંધેલું છે તે શું છે ? સરોવર, આવું સરોવર વીરમગામમાં છે તેનું નામ મુનસર. આવા સરોવરમાં નાની નાની હોડીઓ ચલાવે છે, પણ તેમાં વહાંણ ચાલી શકતા નથી. સરોવરથી જે નાનુ હોય તેને તળાવ કહે છે.

તળાવમાં બારે માસ પાણી રહેતું નથી. જુઓ આ તળાવ પાસે મોટા ટેકરા છે છેટા પેલા નાના ટેકરા જુઓ. એવા ઉંચા ટેકરા ને ડુંગરા કહે છે આ ચોટીલા નો ડુંગર રહયો ઘણોજ ઉંચો ટેકરો તેને પરવત કહે છે અમે આબુ ગીરનાર, સેતરંજો વીગેરે પર્વત જોયા હશે, ત્યાં મોટા ધનવાન લોકોએ દેહેરાં બંધાવેલાં છે. પર્વતના સઉથી ઉચા ભાગને શિખર કહે છે, તે શિખર કેવા આકારનું હોય શંકુ આકારનું જે દેશમાં પર્વત હોય ત્યાંના લોકોને એથી ઘણેજ ફાયદો થાય છે. તેમાં ઘણી જાતની ધાતુઓ* તથા હીરા, માણેક વિગેરે નીકળે છે, પર્વતમાંથી નદીઓ નીકળે છે, જુઓ આ આવી. તે પર્વત જેવા ઉચા ભાગમાંથી નીકળી કેવી દડદડ વહી જાય છે. કેટલીક નદીઓ એવી મોટી હોય છે કે તેમાં બારે માસ પાણી રહે આવી નદીઓ ત્રિશ્વા મિત્રી, નર્મદા સીંધુ; સાબરમતી, તાપી, વિગેરે

છે તેમાં મોટાં વહાણો ચાલી શકે છે, પણ જે નાની નદીઓ હોય તેમાં બારે માસ પાણી રહેતું નથી, જેમ પર્વતથી માણસને ફાયદો થાય છે, તેમ નદીથી પણ ફાયદો થાય છે જુઓ પાણીથી ભરેલો મોટો ખાડો તેને ધરો કહે છે, જુઓ આ પાણી નાના નાના વોકળા તેમાંથી પાણી નદીમાં જાય છે. આ નાળાં કહેવાય તેમાંથી મરડીઆ કાંકરા નીકળે તે તેનો પછી ચુનો બનાવે છે. નદીમાં પાણી સુકાઇ જાય છે, ત્યારે વીરડા ગાળી પાણી બૈરાંઓ ભરે છે, કેટલીક નદીઓમાં રેતી કેટલીકમાં કાળા, રાતા વગેરે રંગનાં કાંકરા તથા પથરાં હોય છે, આ નદીનો કાંઠો છે. તે બે કાંઠાની વચે નદીની પહોળાઇ ગણાય છે જુઓ આ પટેલ કોસ વતી કુવમાંથી પાણી કાઢે છે, તે ધોરીયામાંથી વહી જાય છે, આહા આ વાડીની જમીન કાળી ને પોચી છે.

જ્યારે વરસાદની તાણ હોય ત્યારે આમ પાણી વાડીઓમાં પુરૂ પાડે છે જુઓ આ વાડી કરતાં મોટું કાંઇ રહ્યું તે શું છે ખેતર તેમાં વરસાદના પાણીથી અનાજ પાકે, તેની જમીન કાળી રતાસ પડતી ને ભુરી છે અત્યારે આપણે વગડામાં રહી શું શું જોયું ઝાડો, વાડીઓને, ખેતરો, જોયા.

આ મારા હાથમાં દડો છે, તેનો આકાર કેવો છે ? ગોળ તમે તમારી ચારે બાજુએ નજર કરો તો પૃથ્વી કેવી દેખાય છે ?

ચારે તરફ જાણે આર્ભા મળી ગયેલી હોય તેવી ગોળ દેખાય છે. ત્યારે આ પૃથ્વી ગોળ છે, તેના ઉપર માણસો પશુ. પક્ષી, તથ મોટાં ગામ, નદી, ખેતર, જંગલ, સમુદ્ર, પર્વત, તળાવ, સરોવર, વગે આવેલાં છે, હવે ચાલો ગામમાં પેશી જઇએ, સુર્ય આથમે છે. જુઓ આ દિશા માં સુર્ય આથમે છે.

દિશાઓની ઓળખાણ.


સવારના વખતે શિક્ષકે છોકરાઓને નિશાળમાંથી બહાર તેડી જઇ પુછવું કે સુરજ કઇ દિશા તરફ ઉગ્યો છે ? સાહેબ આ તરફ ઉગ્યો છે એ દિશામાં સુરજ ઉગે છે માટે તેને **ઉગમણી** અથવા **પુર્વ** દિશા કહે છે. પછી સાંજે આથમતો સુરજ દેખાડી કહેવું કે આ તરફની દિશામાં **આથમણી** દિશા અથવા પશ્ચિમ દિશા કહે છે પછી નીશાળની ઓરડાની દિશાઓ પછી કહેવું કે નિશાળની પૂર્વ તરફ કોનું મકાન આવેલું છે? પશ્ચિમ તરફ કોનું મકાન આવેલું છે? વગેરે પુછી મહાવરો કરાવવો. હવે છોકરાઓ તમે પુર્વ દિશા ભણી મોં કરી ઉભા રહો તમારા ડાબા હાથ ભણીની દિશાને **ઉત્તર** દિશા કહે છે અને જમણા હાથ ભણીની દિશાને **દક્ષિણ** દિશા કહે છે, નિશાળની ઉત્તરે કોનાં મકાન આવેલાં તે કહો ?

દિશાઓ બતાવવા માટે એક ચક્ર દોરો ને તેમાં દિશાઓનાં નામ લખો; જમણો હાથ પૂર્વ ભણી રાખી ઉભા રહો તો તમારાં મોં સામે ઉત્તર અને પીઠ (પછવાડે) દક્ષિણ દિશા આવશે હવે તમારી સ્લેટ ભોંય ઉપર મુકી દિશાઓનાં નામ લખો.

ખુણાઓ.

છોકરાઓ તમારી સ્લેટને ઉપર દિશાઓનાં નામ લખો કહો ! તમારી સ્લેટને કેટલાક ખુણા છે ! ચાર, એ ચાર ખુણા કઇ કઇ દિશા વચ્ચે આવેલા છે ? તે તમે જોઇને કહો ઉત્તરે અને પુર્વ દિશા વચ્ચેનો **ઇશાન** ખુણો પુર્વ અને દક્ષિણ દિશા વચ્ચેનો **અગ્નિ** ખુણો દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેનો **નૈરૂત્ય** ખુણો. પશ્ચિમ અને **ઉત્તર** વચ્ચેનો **વાયવ્ય** ખુણો.

નકશાનિ દિશાઓ.



નકશા ભણી મોં કરી ઉભા રહીએ તો મથાળે ઉત્તર દિશા નીચે દક્ષિણ દિશા જમણા હાથ તરફ પૂર્વ દિશા અને ડાબા હાથ તરફ પશ્ચિમ દિશા કહે છે.

દિશા તથા ખુણા વિષે દોહરો

સુરજ ઉગે છે પુર્વમાં આંથમતો પશ્ચિમ;
પુર્વે ભણી મોં રાખતાં જમણી ગમ દક્ષિણ.
ડાબી ગમ ઉત્તર દિશા મળી દિશા થઇ ચાર
એ ચાર દિશા તણો મનમાં કરો વિચાર.
ઉત્તર પુર્વ વચ્ચે જુઓ ઇશાન ખુણો ધાર;
દક્ષિણ પુર્વ તણી વચે, અગ્નિ ખુણ નિરધાર.
દક્ષિણ પશ્ચિમ મધ્યમાં નૈઋત્ય ખુણો જાણે;
ઉત્તર પશ્ચિમનો હવે વાવ્ય મનમાં આણ.

ધોરણ ૨ બીજાના પદાર્થ પાઠના સમજુતી

પાઠ ૧ લો સવાર ને સાંઝ.

દિશાઓ—સુર્ય ઉગે તે ઉગમણી કે પુર્વ દિશાને આથમે તે પશ્ચિમ કે આથમણી દિશા કહેવાય. પૂર્વ તરફ મોં કરી ઉભા રહેતાં ડાબા હાથ તરફ ઉત્તર ને જમણા હાથ તરફ દક્ષિણ દિશા આવે છે:

સવારનો દેખાવ—સૂર્ય પૂર્વ દિશા તરફ ઉગતો હોવાથી તે તરફ આકાશ સોનેરી લાલ રંગના જેવું થઇ જાય છે. વાદળાની કોરો પણ પીળી દેખાય છે. ને ઠંડો પવન ધીમે ધીમે વાય છે. તથા નાનાં નાનાં પક્ષીઓ ઝાડપર બેસી કલોલ કરી મુકે છે (૨) થોડી વારે સૂર્યનો ગોળો ચળકાટ કરતો ઉંચો ચઢતો જણાય છે ને તેનો તડકો પૃથ્વી ઉપર બધે ફરી વળે છે. પછી જેમ જેમ વખત જતો જાય છે તેમ તેમ એ તડકો વધારે તપતો જાય છે.

સવારમાં જોવામાં આવતાં કામ કાજ—માણસો વહેલા ઉઠી કોઇ ગામ પરગામ જાય છે. કોઇ નાહી ધોઇ તૈયાર થાય છે. કોઇ ઇશ્વરનું ભજન કરે છે. એમ સૌ પોત પોતાનાં કામમાં મચ્યાં રહે છે. નાનાં નાનાં છોકરાઓ નિશાળમાં ભણવા જાય છે. બૈરાંઓ ઉઠી ઘરનાં કામ કાજ કરવા માંડે છે. ગાયો, ભેંસો ચારો ચરવા વગડામાં જાય છે. પક્ષીઓ પોતાનાં બચ્ચાં માટે ચણ શોધવા ફરે છે. ને ચોર વગેરે પાપી લોકો નીસાસા નાખતાં તથા બીકથી ધ્રુજતા પોતાને ઠેકાણે સંતાઇ રહે છે. એમ સૌ માણસો પોત પોતાના કામ કરવા માંડે છે.

બપોરે—ત્યાર પછી જેમ જેમ વખત જતો જાય છે. તેમ

તેમ માણસો તેને જુદા જુદા નામ આપી ઓળખાવે છે. સુર્ય ઉગ્યા પછીના થોડા વખતને શીરામણી વેળા કહે છે. સૂર્ય જ્યારે માથા ઉપર આવે ત્યારે મધ્યાન અથવા ખરાબપોર કહે છે. ત્યાર પછી સૂર્ય નમે છે ને તડકો ઘટવા માંડે છે તેને ત્રીજો પહોર કહે છે ને સૂર્ય પશ્ચિમ તરફ આથમે છે તેને સાંઝ કહે છે.

સાંજનો દેખાવ—સાંજે સૂર્ય આથમ્યા પછી આકાશ રાતું દેખાય છે. કાગડા વગેરે પક્ષીઓ માળા તરફ જાય છે ઢોર ખેતરમાંથી પાછાં વળે છે એમ તમામ પ્રાણીઓ પોતાને ઠેકાણે આવી રહે છે. પછી જેમ જેમ વખત જતો જાય છે તેમ તેમ અંધારૂં પડતું જાય છે ને પછી એટલું બધું અંધારૂં પડે છે કે દીવાબત્તી કરવી પડે છે. ત્યાર પછી માણસો ખાઇપીને નિરાંતે ઉંઘી જઇ સવારમાં પાછા વહેલા ઉઠે છે.

પાઠ ૨ જો હવા ને પવન

પવન—ઝાડનાં પાંદડાં હાલે છે દેવળ ઉપર લુગડાની ધજા ફરકે છે આપણાં લુગડાં ઉડે છે વગેરે કામો કોણ કરતું હશે કારણ કે કોઇ પણ કામ એની મેળે બનતું નથી તેને કરનાર કોઇ પણ હોવું જોઇએ તો જણાય છે કે પવન છે,

હવા—માણસો બગીચામાં હવા ખાવા જાય છે. ઉનાળામાં કોઇ તો પોતાને ઘેર અગાશીમાં બેસી હવા ખાય છે, ત્યાં ધીરે ધીરે ને ઠંડી હવા તેમને લાગે છે, તેથી મન બહુ ખુશ થાય છે ને ઇશ્વરનો આભાર માને છે.

હવા ક્યાં છે—આપણી આસપાસ તમામ ખાલી જગ્યામાં હવા છે કોઇ ઓરડામાં જઇ તમે પંખો હલાવો તો તે તમારા શરીરને લાગશે તેથી એમ જણાય છે કે ત્યાં પણ છે. તે બધા પ્રાણીને ઉપયોગી છે. તેથી તમામ ઠેકાણે વગર પૈસે મળી શકે છે તે જો કોઇ ઠેકાણે ન મળે તો માણસ મુંઝાઇ જાય છે ને ઘણો વખત ન મળે તો અતિશે મુઝવણીની સાથે મોત નીપજે છે.

રંગ તથા આકાર વગરની છે—કોઇ વસ્તુ રાતી કોઇ કાળી કોઇ પીળી હોય છે પણ હવાને એવો કોઇ પણ જાતનો રંગ નથી માટે તે રંગ વગરની છે વળી તેનો કોઇ પણ જાતનો આકાર નથી તેથી તે આકાર વગરની છે

પારદર્શક—આંખ આડા કાચ રાખી સામેની વસ્તુ જોઇએ તો જોઇ શકાય છે પણ લોઢાનું પતરું રાખી જોઇએ તો વસ્તુ દેખાતી નથી વળી વાડકીમાં પૈસો મુકી તે ઉપર પાણી રેડીએ તો પૈસો પાણીમાં સોંસરો દેખાય છે તેવીજ રીતે આપણે એક બીજા પદાર્થોને જોઇ શકીએ છીએ તો તે પારદર્શક કહેવાય તેમજ પદાર્થો તથા આપણી વચ્ચે હવા છે ને તે પદાર્થ હવામાંથી સોંસરો દેખાણો માટે જેમાંથી શોંસરું દેખાય તે પારદર્શક કહેવાય.

હવાને પવનમાં ફેર- એ બન્ને એકજ વસ્તુ છે. પણ જ્યારે ધીમે ધીમે વાય ને માણસને આનંદ આપે ત્યારે તે હવા કહેવાય ને વધારે હાલે ચાલે ને ખુબ જોરથી વાય ત્યારે તેને પવન, વાયરો, વંટોળીઓ, વાય ઝોડુ વગેરે કહે છે.

હવાનું કામ—હવા એ પ્રાણી માત્રનું જીવન છે. આપણે કોઇ ઓરડામાં બેઠા હોઇએ તો તે આપણા શ્વાસમાં આવી આપણને મુંઝવણ થવા દેતી નથી. ને તે ધજા, લુગડાં, કાગળ વગેરે ઉડાડે

ઉડાડી શકતી નથી.

પવનનું કામ—પવનથી સારા કામો થાય છે તેમ નુકસાન વાળાં પણ કામો થાય છે. (૧)પવનથી પાણીની પવન ચકી આટાની નાની ચકી વગેરે ચાલે છે ખુબ પવન થવાથી જમીનપરનો કચરો દુર લઇ જાય છે તેથી દુર્ગંધ જતી રહે છે. ફુલ વગેરેમાંથી સારી વાસ લાવે છે. સમુદ્ર ઉપરથી વાદળાં ઘસડી લાવી વરસાદરૂપે વરસાવે છે. તેથી પીવાને પાણી તથા ખાવાને ધાન્ય મળે છે. (૨) ઘણો પવન મોટા ઝાડો પાડી દે છે. નબળી ઇમારતોને તોડી પાડે છે. દરિઆમાં મોટા વહાણોને ઉંધા કરી નાંખે છે. રેતીને એટલી બધી ઉડાડે છે કે જતા આવતા માણસો કોઇ કોઇ વખત તેમાં દટાઇ જાય છે, તોપણ એ બેઉનો જ્યારે ઘટાડો થઇ જાય છે, ત્યારે આપણને બહુ અકળામણ થાય છે.

પવન મળવાની યુક્તિ—ખુબ દોડવાથી પણ પવન મેળવી શકાય ઘોડા ઉપર બેસી ઘોડાને દોડાવવાથી પણ મેળવી શકાય હીંચકા ઉપર બેસવાથી પણ પવન મેળવી શકાય છે.

પાઠ ૩ જો ચાક.

છોકરાઓ તમે ચાક ઘણી વાર જોયેલો છે નીશાળમાં કાળા પાટીઆ ઉપર અક્ષર કાઢવાના કામમમાં વપરાય છે તે રંગે ધોળો છે.

ભારે છે—ચાકને પાણીના પ્યાલામાં નાંખતાં તે તળીએ ડુબી જાય છે, તેથી તે ભારે કહેવાય પણ જો પાણી ઉપર તરે તો હલકો કહેવાય લોઢું પાણો વગેરે ચીજો ભારે કહેવાય છે.

નક્કર છે—તેની અંદર પોલાણ નથી પણ બધે નકાર છે, માટે તે નક્કર કહેવાય છે પાણો, પેન પાટી લોઢું એ નક્કર છે.

અપારદર્શક—ચાક તળે પૈસો મુકી ઉપરથી જોઈશું તો ચાકમાંથી પૈસો દેખાડશે નહિ માટે જેમાં સોંસરૂ ન દેખાય તે અપારદર્શક કહેવાય

શોષક—પાણીમાં નાંખવાથી તે પાણીને ચુસી લે છે માટે તે શોષક કહેવાય.

ઓગળતો કે પીંગળતો નથી—ચાકના કકડાને તથા મીઠાના ગાંગડાને પાણીમાં નાંખીએ તો મીઠું ઓગળે છે પણ ચાક નથી ઓગળતો વળી ચાકના કકડાને તથા સીસાને ચુલામાં નાંખીએ તો સીસું પીગળી તેનો રસ થઈ જાય છે પણ ચાક પીગળતો નથી કારણ કે તેનો દેવતામાં રસ થતો નથી.

ચુનો બનાવે છે—ચાકને દેવતામાં તપાવી પછી બહાર કાઢી પાણી રેડે છે ત્યારે તેનો ચુનો બને છે તેમાં રેતી વગેરે ભેળવી ગુંદે છે ત્યારે ઘણો સરસ ચુનો એટલે કોલ બને છે.

ઉત્પતિ—ચાક કેટલાક દેશની ખાણોમાંથી નીકળે છે. જમીનમાં ઘણે ઉંડે સુધી ખોદતા તે નીકળે છે તેના પર ચીકણી માટી. ધુળ વગેરે જોવામાં આવે છે તેથી એમ જણાય છે કે સમુદ્રના પાણીમાંથી બનેલો છે વળી ચાકનો ગાંગડો એક જાતના કાચમાંથી જોતાં તે ઉપર ઝીણા કાણા માલુમ પડે છે તેથી તેને જીવડાઓએ બનાવ્યો હોય એમ જણાય છે તે સૌથી વધારે યુરોપખંડમાંથી નીકળે છે

ઉપયોગ—ચાક કાળાં પાટીઆ ઉપર તથા સ્લેટમાં લખવાના કામમાં આવે છે, લખતી વખતે તેનાં જુદાં જુદાં કણો ઘસાવવાથી તે ચોંટી અક્ષર ઉઘડે છે તેનું પાણી કરી ઘર ધોળવાના કામમાં લે છે. તેનો ભુકો કાચના વાસણ માંજવાના કામમાં આવે છે કોઈ લોકો ખાતર તરીકે ખેતરમાં નાખે છે.

પાઠ ૪ થો ત્રાંબુ ને ત્રાંબાનાં વાસણ.

પાઇ, પૈસો, ઢબુ, વાસણો વીગેરે ત્રાંબાનાં બનાવે છે.

રંગ—ત્રાંબાનો રંગ ફીક્કો લાલ છે.

ટીપી શકાય છે—ત્રાંબાનાં પતરાં હથોડા વતી ટીપીએ તો તે ટીપાય છે. જેમ જેમ ટીપતાં જાય છે, તેમ તે લાંબુ તથા પાતળુ થતું જાય છે.

રણકો કે અવાજ થાય છે—ત્રાંબાના પતરા ઉપર હથોડાના ઘા કરીએ અથવા પૈસાને પથ્થર ઉપર ખખડાવીએ તો અવાજ થાય છે

ચળકાટ—ત્રાંબાને માંજવાથી ચળકાટ મારે છે. પૈસાને ઘસવાથી બહુ ઉજળો થાય છે.

ભારે છે—પાણીના પ્યાલામા લાકડું ને ત્રાંબુ નાંખીએ તો ત્રાંબુ ડુબી જશે. તે લાકડું તરશે માટે ત્રાંબુ ભારે છે વળી એક પ્યાલો ભરી પાણી તોળો ને તેજ પ્યાલામાં ત્રાંબાનો રસ ભરી તોળો તો પાણી કરતાં રસ નવગણો ભારે થશે.

ચીકણુ છે—એના તાર તથા પતરાં કરીએ છીએ ત્યારે તે તુટી કે ભાંગી જતાં નથી માટે તે ચીકણું છે.

કાટ—ત્રાંબાના વાસણમાં કાંઇક ખાટી ચીજ ઘણો વખત રાખી મુકવામાં આવે તો તેમાં લીલો કાટ બાઝે છે તે કાટને જંગાલ કહે છે તે ખાવાથી, વખતે ઉલટી થાય છે વખતે મરણ પણ નીપજે છે માટે ત્રાંબાનાં વાસણોને કલાઇ દેવડાવવી.

ઉત્પત્તિ—ત્રાંબુ ભોંયમાંથી નીકળે છે ને તે ઘણુ કરીને ગંધક ભરેલું મળી આવે છે; તેને બહાર કાઢયા પછી ગાળી પાટલા પાડે છે ને પછી જે ઉપયોગમાં લેવું હોય તેમાં લે છે.

ઉપયોગ—ત્રાંબાના તાર થઇ શકે છે. તથા લોટા લોટીઓ, તાસ, ત્રાંબાકુંડીઓ, ચાળણી માટલી, ઘડા વગેરે ઘણાં વાસણો ત્રાંબાનાં બનાવે છે તે ધંધો કરનારને કંસારા કહે છે વળી ત્રાંબામાંથી દોકડા, પૈસા, પાઇ, અધેલા વગેરે સીકાઓ બનાવે છે. હાલમાં મુંબાઇ વગેરે ઠેકાણે સીકા પાડવાનું કારખાનું કહે છે તેને ટંકશાળ કહે છે તે સીકા સરકાર પાડે છે. બીજા માણસો જો એવા ધંધા કરે તો તેને બહુ ભારે સજા કરે છે.

મેળવણી—ત્રાંબાંમાં કલઇ મેળવી માણસો કાંસુ બનાવે છે.

પાઠ ૫ મો પીતળ ને પીતળનાં વાસણો.

ઉત્પત્તિ—ત્રાંબુ જેમ ખાંણમાંથી નીકળે છે તેમ પીત્તળ ખાંણમાંથી નીકળતું નથી પણ ત્રાંબાને જસત ભેગા મેળવી ગાળે છે તેથી આવું પીતળ થઇ જાય છે માટે પીત્તળ એ મીશ્ર ધાતુ કહેવાય છે.

રંગ—પિત્તળનો રંગ પીળાશ પડતો છે પણ ખરેખરો પીળો નથી માટે એનો રંગ ઝાંખો પીળો કહેવાય છે.

ચળકાટ—ત્રાંબા કરતાં એના ઉપર સારો ચળકાટ આવી શકે છે ને તે ઘણી મુદત સુધી રહે છે, વળી તે ત્રાંબા કરતાં ઓછું ઘસાય છે. કારણ કે ત્રાંબાથી કઠણ છે.

કાટ—એમાં કાંઇ ખાટી જણસ રાખી મુકી હોય તો કાટ ચડી જાય છે તે લીલો હોય છે તે ખાવામાં આવે તો ઉલટી કરાવે છે માટે તેવાં વાસણોને કલઇ દેવરાવ્યા પછી વાપરવાં.

પિત્તળના વાસણો—તપેલાં; વાડકા થાળીઓ ત્રાંબડીઓ વગેરે ઘણાં વાસણો પિત્તળનાં બને છે તે બનાવનારને કંસારા કહે છે. તે ઘડવાનું કામ બહુ અઘરૂં હોવાથી તેઓને કસરત બહુ

મળે છે માટે તેમનાં શરીર બળવાન હોય છે. મોરબી સીહોર વગેરે ઠેકાણે ત્રાંબા પિત્તળનાં વાસણ ઘણાં સારાં બને છે. ત્રાંબા કરતાં પિત્તળ સસ્તુ મળે છે.

ઉપયોગ—પિત્તળનાં વાસણ, પતરાં, તાર, ટાંકણીઓ, કડાં, સાંકળ, મળાગરાં વગેરે ઘણો સામાન બનાવે છે.

પાઠ ૬ ઠો જુદી જુદી જાતના ઘાસ.

ઘાસ ઘણી જુદી જુદી જાતના થાય છે. તેમાં કેટલાક વાવ્યા વીના ઉગે છે કારણ કે તેમનાં મુળ ભોંયમાં ઘણાં ઉંડા પથરાએલ હોય છે. જેથી વરસાદના પાણીથી તુરત ઉગી નીકળે છે અને કેટલા વાવવાની જરૂર પડે છે.

આળખાણ—ડાભની પોહોળી પાંદડી થાય છે, અને તે જ્યાં સુધી નાના હોય છે એટલે કુણા હોય છે ત્યાં સુધી ઢોરના ખાવામાં આવે છે. જ્યારે પાકે છે ત્યારે તેની દોરી વણી ખેડુ લોકો ખાટલા ભરે છે.

ઝીંઝવો તેની લાંબી સળીઓ થાય છે, તે ઢોરોને વધારે મીઠા લાગે છે. તે સુકાય ત્યારે તેના પુળા કરે છે. બોથ તે તળાવ કે નદીના કાંઠે થાય છે, તે તેલ તથા અત્તર બનાવવાના કામમાં આવે છે. ધરો તેના વેલા જેવા લાંબા તાર જમીન ઉપર ફેલાય છે.

સરકાટ—તે પાણીમાં થાય છે. તે ફકત સુકાય ત્યારે તેની સળીઓના સુપડાં ટોપલીઓ વગેરે થાય છે.

વાવવાથી ઉગે તેવા—જારના, બાજરાના, તથા ડાંગર, ઘઉં, એ બધાનું ઘાસ વાવવાથી ઉગે છે.

ઉપયોગ—પશુઓના ખોરાક માટે જરૂરનું છે.

પાઠ ૭ મો શેરડી.

શેરડીના સાંઠા ચાર ચાર પાંચ પાંચ હાથ લાંબા થાય છે. તે રાતી ને ધોળી એમ બે જાતની શેરડી આવે છે.

શેરડી વાવવા માટેની જમીન—જ્યાં શેરડી વાવવી હોય તેને ખુબ હળી અને ખાતર નાખી તથા ઘણું પાણી પાઇને પોચું કરે છે વરસાદ પડે તો સારૂં; નહીતો કુવાના પાણીથી પણ તે જમીન પોચી કરવી પડે છે.

શી રીતે રોપે—પાણી પાઇને તઇયાર કરેલા ખેતરમાં બે કા તળીઓ વચ્ચેની ગાંઠની આસપાસનો બબે આંગળનો ભાગ રાખી તે માદળીઆં થોડે થોડે અંતરે રોપે છે ગાંઠ ઉપર છોલા જેવું હોય છે તેને આંખ કહે છે કોઇતો આંખ ઉપર રહે તેમ માદળીઉ મુકી ઉપર માટી વાળી દાબી દેછે ને પછી ત્રણ ત્રણ ચાર દહાડે પાણી પાવાની સંભાળ રાખવી પડે છે. તથા તેના આંતરે જોઇએ કેટલુંક શાક પણ વાવે છે. શેરડી ઘણું કરીને દશ અગીયાર મહીને પાકીને તૈયાર થાય છે.

વાવ્યા પછી સંભાળ રાખવા જરૂર—શેરડી વાવ્યા પછી તેને ત્રણ ચાર દહાડે પાણી પાવું જોઇએ. તથા શિયાળ ભુંડ, વગેરે જનાવરો નુકસાન નકરે માટે પણ મહેનત લેવી જોઇએ. કોઇ તો શેર ડીના ફરતી એરંડીની વાડ કરી દે છે. તેથી તેને બહુ હરેકત થતીનથી.

શેરડાનો રસ—શેરડી પાકીને તૈયાર થાય ત્યાર પછી તેના પુછડાં તથા મુળીઆં કાપી નાંખી તેને શેરડીના ત્રણ ચાર કડકા કરી કેલુમાં નાંખે ત્યારે તેમાંથી કુચોને રસ જુદાં પડે છે.

ઉપયોગ—શેરડી ખાવાના કામમાં આવે છે. તથા તેના રસને લોઢાના તાવડામાં ભરી ઉકાળે છે ને મેસ, કસ્તર વગેરે જે આવશું

જાય તે કાઢતાં જાય છે છેવટે ઘણું પાણી બળી જાય ત્યારે તે ખદખદતા રસને કુંડામાં કે માટલામાં ભરી ઠારે છે તેથી તેને ગોળ થાય છે તે જે દેશની નીપજનો થાય છે તે ઉપરથી તેનું નામ પડે છે જેમકે કાઠીયાવાડી, સજાપરી, કોલાપુરી, પુના વગેરે નામથી ઓળખાય છે.

પાઠ ૮ મો. રોટલી ને ભાત.

ઘઉં, બાજરો, જાર, મગ, મઠ, ચોખા એ બધા અનાજ કહેવાય છે જુદા જુદા ભાગના માણસો પોતાને માફક આવતો ખોરાક ખાયછે

ઘઉં ઉત્પત્તિ—ખેતરમાં ઉગેલ ઉંબી જ્યારે સૂકાય ત્યારે ઘઉં પાકી ગયા ગણાય છે, તેને ખળામાં લાવી ઉપર હાલરૂં ફેરવી ઘઉં તથા કુંવળ જુદુ પાડે છે ઘઉં માણસોના ખાવામાં આવે છે ને કુંવળ ઢોરને ખવરાવે છે પણ તે ગરમ પડે છે.

ઘઉં **શીરીતે ખવાય** ઘઉંમાંથી કાંકરા વગેરે કાઢી ચોખ્ખા કરે છે. પછી તેને ઘંટીમાં દળી લોટ બનાવે છે. તે લોટની રોટલી રોટલા, લાડવા જલેબી, લાપસી; સાટા વગેરે જે કરવું હોય તો થાયછે.

રોટલી શી રીતે બનાવે છે—ઘઉંના લોટને ચાળી તેમાં તેલનું જરા મોણુ આપે છે પછી જોઇતું પાણી નાંખી કણેક બાંધે છે તેના ગુંદલા કરી રોટલી વણી તાવડીમાં પકવે છે તે ખાવાના કામમાં આવે છે.

રોટલી ખાવાથી ફાયદો-જો રોટલી ઘી વિના એકલી ખાવામાં આવે તો પેટમાં બાર થાય ને માંદા પડી જવાય માટે ઘી ચોપડીને ખાવી તેથી શરીરમાં બળ આવે છે.

ચોખા.—ડાંગરના ક્યારડામાંથી ડાંગર જુદી પાડી તેને ખાંડે ત્યારે ચોખા નીકળે છે.

ચોખાની જાત—ચોખા ઘણી જાતના આવે છે. જેવા કે, કમોદ, જીરાશાળ, બાંસી, પોર્તુગાલી, રંગુની ખાંડવેલ, હલવો, ચીનાઇ, સખર, વગેરે ઉંચી જાતના ચોખા ધનવાન માણસો ખાય છે,ને નીચી જાતના ચોખા ગરીબ માણસો વારપરબે ખાય છે.

ચોખામાંથી બનતી ચીજો—લીલા ચોખામાંથી પઉંઆ તથા મમરા બનાવે છે. પઉંઆ દુધની સાથે ખાવાથી બહુ સ્વાદ આપેછે.

ચોખા ખાવા વિષે—ચોખાને પાણીથી ધોઈ રાંધવા ચડયા પછી તેમાં સાકર, દુધ વગેરે લઇ ખાવાંથી બહુ સ્વાદ આપે છે. માંદા માણસો તથા જેને બેઠા બેઠા કામ કરવું છે. તેમણે ચોખા ખાવા કેમકે હલકો ખોરાક છે માટે પાચન થતાં વાર લાગતી નથી. મિજાનની સાથે એટલા માટે ચોખા અપાય છે. બંગાળાના ઘણા લોકોનો ખોરાક ચોખાજ છે—જે ગૃહસ્થ માણસો છે ને એ બન્ને ખાઇ શકે છે કારણ કે તેની સાથે ઘી, દુધ, સાકર વગેરે મોંઘી વસ્તુઓનો ખપ પડે છે. પણ ગરીબને મહેનતુ માણસો તો જાર, બાજરો, મગ, મઠ, ખીચડી વગેરે ખાય છે.

પાઠ ૯ મો મધમાખી.

દરેક માણસે અથવા જીવજંતુએ નવરા નહી બેસી રહેતાં કામ કાજ કરવું એવો ઇશ્વરી નિયમ છે. તેમાં મધમાખી, કરોળીઓ, રેશમનો કીડો, પરવાળાનાં જીવડાં વગેરે ઘણો ઉદ્યોગ કરે છે. ને કેટલાંક તો માણસને માટે ઘણી અમુલ્ય વસ્તુઓ બનાવે છે.

મધમાખ—એ સાધારણ માંખી કરતાં જરા મોટી હોય છે. તેને દરેક તરફ ત્રણ ત્રણ મળી ૭ પગ છે, બે પાંખો છે, ને વળી ઉડે છે. દરેકને માથું પેટને જઠર એવા ત્રણ ભાગ હોય છે. મધપૂડા

ઉપર જ્યારે નિયમસર બેઠી હોય ત્યારે આપણને નવાઇ પમાડે છે.

મધમાખીની જાત—મધપૂડામાં ત્રણ જાતની માખીઓ હોય છે. (૧) રાણી (૨) કામ કરનારી (૩) નર.

દરેકનું કામ—(૧) રાણી ઇંડા મૂકવાનું કામ કરે છે. તથા બીજી બધી માખી ઉપર હુકમ ચલાવી નીયમમાં રાખે છે ને ઈંડા-માંથી જે પોતાના જેવી થવાની હોય તેની બીજી માખીઓ પાસે ચાકરી કરાવે છે. (૨) કામ કરનારી માખી બધો વખત કામ કરે છે. તેઓ મધ લાવે છે. તથા મધપુડામાં છ ખૂણાવાળા ખાના કરે છે. તથા ઇંડાને ઉછેરે છે, બચ્ચાને ખવરાવે છે. ને મધપુડાનું રક્ષણ કરે છે. (૩) નર એ આળસુ હોય છે. ને કાંઇ કામ કાજ કરતા નથી. માટે એવા નકામાને બીજી માખીઓ ત્રણ માસમાં મારી નાંખે છે.

મધ શી રીતે બનાવે—કામ કરનારી માખીઓ ફુલમાંથી રસ ચુસી લે છે પછી તેનું મધ બનાવે છે, તે મધપુડામાં આવી ઠલવે છે. પછી તે મધ ખાઇ ખાઇને તેનું મીણ બનાવે છે, તે મધ ને મીણ આપણને બહુ ઉપયોગમાં આવે છે.

મધ પાડવું—મધપુડામાંથી મધ પાડવાનું કામ કેટલા પાપી માણસો કરે છે. કોઇનું રહેવાનું ઠેકાણું ટાળવાથી ઘણોજ દોષ લાગે છે. વળી વાવરી કોળી વગેરે લોકો ખાંડની ચાસણી બનાવી તેને મધ કહી માણસોને છેતરી જાય છે માટે ખાસ દવા વગેરેમાં જોઇતું હોય તો ખાત્રી કરીને લેવું.

ગુણ—શિયાળામાં દવા સાથે ખાવાથી તથા બદામ સાકર ખા-રેક વગેરે સાથે મેળવીને ખાવાથી શરીરમાં બહુ ફાયદો થાય છે. મીણ રંગમાં દવામાં વગેરે ઘણા કામમાં આવે છે,

પાઠ ૧૦ મો બતક ને મરઘાં.

પક્ષી—જેને બે પાંખો હોય, એક ચાંચ હોય ને બે પગ હોય તથા જે ઇંડાં મુકે તે પક્ષી કહેવાય કેટલાંક પક્ષી આકાશમાં ઉંચે સુધી ઉડી શકે છે વળી કેટલાંક જરા ઉંચે પણ ઉડી શકે છે ને પાણીમાં પણ તરી શકે છે.

પાણીમાં તરનાર પક્ષીઓ—જળકુકડાં, બતક, આડ વગેરે પક્ષીઓ પાણીમાં તરે છે ને અંદર ડુબકી મારી પોતાનો ખોરાક મેળવે છે.

બતકના શરીરની રચના—એને જરા લાંબી ને પહોળી ચાંચ હોય છે તથા શરીર ઉપર ટુંકા ને ચીકટ પીંછાં હોય છે. ને પછવાડેના ભાગમાં માંસનો વધારો થવાથી તે ભાગ બહુ જાડો જોવામાં આવે છે. ને બન્ને પગનાં આંગળાં ચામડાથી સંધાએલાં હોય છે. તે તરવાના કામમાં આવે છે.

બતકનો સ્વભાવ—માણુસના જરા ખડખડાટથી તથા બંદુકના અવાજથી બીએ છે. ને ત્યાંથી સ્થળ બદલવા ઉડે છે, ત્યારે કેટલાક પાપી માણુસો તેમને બંદુક મારી મારી નાંખે છે, તે પક્ષી પોતાનાં ઇંડાં પાણીને કાંઠે મુકે છે. ને ઇંડાંમાંથી બચ્ચાં નીકળે મોટાં થાય તથા તેમાં પાણી પહોંચે ત્યાં સુધી તે તેમાંજ પડયાં રહે છે.

મરઘાં - એટલે કુકડાં તેને પાંખો નાની છે તથા પોતાનું શરીર ભારે હોવાથી તે બહુ ઉંચે ઉડી શકતાં નથી પણ જરા ઉડી પૃથ્વી ઉપર ઝડપથી દોડી જાય છે.

શરીરની રચના—તેને ટુંકી બે પાંખો હોય છે તથા બે પગ હોય છે. ને પગનાં આંગળાં છુટાં હોય છે તથા શરીર બહુ ભારે

હોય છે ને નર માથે લાલ માજર હોય છે. તેથી નર માદા તુરત ઓળખાઇ આવે છે, ને તેની ચાંચ અણીદાર છે.

રહેઠાણ—કુકડાંને કેટલાંક પાપી માણસો ઇંડાંની ખાવાની લાલચે પોતાને ઘેર તેનો ખાડો કરી તેમાં પાળે છે ને કેટલાંક દયાળુ માણસો એવા પાપીના હાથથી બચાવ થવા સારૂ પોતાને ત્યાં રાખી ઉછેરે છે.

ખોરાક—તેને જાર, ઘઉં વગેરે દે છે તો પણ તે નાનાં નાનાં જીવડાં તથા ઇયળો ને મામણમુંડાં બહુ ખાય છે.

સ્વભાવ—તે પરોડીઆમાં વહેલો કુકરેકુક એમ બોલે છે. તેથી ઉદ્યોગી માણસો તેના બોલવા પછી આટલો વખત ગયો એમ ગણી કામે વળગે છે, તે વખતો વખત ઇંડાં મુકે છે, કોઇ કોઇ વખતે તેની પાછળ વીશ પચીશ બચ્ચાં દોડતાં જતાં જોવામાં આવે છે. બચ્ચાં ઉપર બહુ હેત રાખે છે. જો તેના બચ્ચાંને કોઇ મારવા આવે તો તેના સામી થાય છે તેને પહોંચી શકાય તેવું ન હોવાથી કકળાણ કરી મુકે છે ને ટાઢ તડકામાં તથા બીકની વેળાએ તે પોતાના બચ્ચાંને પાંખ તળે ઢાંકી દે છે, પણ તે પોતે બીકણ છે.

પાઠ ૧૧ મો ચકલી.

ઝાડ ઉપર બેસી ચીંચીં કરી મુકે છે ને અહીંતહીં ઉડતી તથા ઠેકડા મારતી જાય છે.

શરીરની રચના—તેને નાની ને અણીવાળી ચાંચ છે ને તેના પીછાં ધોળાં તથા કાબરચીત્રાં હોય છે બન્ને પગે ચાર આંગળાં ને એક પાછળ એમ પાંચ આંગળાં હોય છે તથા બે પાંખો છે.

ઉડવાની તથા ચાલવાની રીત—તે પોતાની બે પાંખોવતી ઘણી જોસબંધ તથા થોડે થોડે અંતરે ઉડે છે. ને આપણી પેઠે એકેક પગ મુકીને ચાલતી નથી. પણ બંન્ને પગ સાથે ઉપાડી ઠેકડા મારતી ચાલે છે.

ખોરાક—દાણા તથા નાનાં જીવડાંને ખાઈ જાય છે. કેટલીક વખતે ઉડતાં પતંગીઆં તથા ટીટકાની પાછળ પડેલી જોવામાં આવેછે.

ઉત્પત્તી—તે વરસમાં બે કે ત્રણવાર ઈંડાં મુકે છે ને દરેક વખત પાંચ ઇંડાં હોય છે તેને થોડા દહાડા સેવે છે પછી તેમાંથી બચ્ચા નીકળે છે તે થોડા દાહાડામાં ઉડતાં શીખી જાય છે.

સ્વભાવ—તે બહુ બીકણ નથી, કારણ કે આપણાં ઘરમાં આપણે બેઠા હોઈએ ત્યાં સુધી આવી દાણા વગેરે ખાઈ જાય છે બચ્ચાં પોતાની મેળે ખોરાક મેળવે એવડાં મોટાં થાય ત્યાં સુધી સાથે રાખી મોંમાં ચણ આપે છે ઈંડાં મુકવાને માટે પીછાં, રૂ, તણખલાં વગેરે શોધી બહુ પોચા ને સુંવાળા માળા પ્રથમથી કરે છે.

ચકલીથી થતો ફાયદો—ખેતરમાં કેટલાંક જીવડાં એવાં થાય છે કે તે પાકને નુકશાન કરે છે. તેવાં જીવડાંને ચકલી મારી નાંખે છે. ને પોતાના ખોરાકમાં લે છે.

પાઠ ૧૨ મો ઘોડા વિષે.

ગાડીમાં જોડવાના કામમાં તથા સ્વારી કરવાના કામમાં ઘોડા બહુ ઉપયોગી છે. તે પ્રાણીના ઉપર ટુંકા ને સીસા વાળ હોવાથી ઘણું શોભે છે.

શરીરના અવયવો—તેને ચાર પગ, એક પુંછડું બે કાન એક નાક ને લાંબુ મોહું તથા બે આંખો હોય છે,

પગ- પગ લાંબા હોય છે તથા આથગીના ચાપા પહોળા હોયછે પગે કઠણ દાબડો હોય છે તે કઠણ જમીનમાં ચાલતાં તળવાઇ ન જાય માટે તેને તળે નાળ જડાવે છે.

પુંછડું—પુછડાને છેડે લાંબા લાંબા વાળ હોય છે તે વતી તે માખ, મચ્છર, ડાંસ વગેરેને ઉડાડે છે કોઇ તો શોભાને માટે પુંછડું ટુંકું કરવા થોડા થોડા વાળ કાપે છે.

કાન—કાન ટુંકા ને અણીદાર હોય છે. કાનની ઉપરની ટીશી ઓ વધારે અણીદાર ને બન્ને ટીશીઓની વચ્ચે જેમ થોડો માર્ગ તેમ તે વધારે પાણીદાર ગણાય છે. તેને ગરદન ઉપર કેશવાળી છે.

મોહું—મોહા ઉપર બે નસકોરાં છે તે વતી વસ્તુ સુંઘીને ખાય છે મોહામાં બે જડબા છે તથા આગળ ઝીણું ને પાછળ ચપટા દાંત હોય છે તે બન્ને દાંતની વચ્ચે માર્ગ છે તેમાં ચોકડું રાખે છે.

ખોરાક—ઘાસ, ભુસું, ભરડો, બાજરો વગેરે ખાય છે. નાના વછેરાને સારી રીતે ઉછેરવા દુધ પાય છે તથા મોટા થયે દાનપ ખવરાવે છે.

સ્વભાવ—ધણી ઉપર બહું પ્રીતી રાખનાર છે તથા બનતા સુધી પોતાના ધણીને અડચણ આવવા દેતા નથી ઘોડીની ને ઘોડાની નજરો બેગી થતાં ગાડુ હણહણે છે પોતાને આળોટવાંની જગોએથી કાંકરા વગેરે કાઢી તે જગા સાફ કરે છે ૨.તે સુવાને ઠેકાણે પોતે પગથી ખડની પથારી જેવું કરે છે ને પોતાનો ઉસ્તાદ જે શીખવે તે શીખે છે.

જાત—કાઠીઆવાડી, કચ્છી, અરબી, તેજણ વગેરે ઘણી જાતના ઘોડા થાય છે-ઠીંગણા રહેલા ઘોડાને ટટુ કહે છે.

પાઠ ૧૩ મો ઘોડો ને તેનાં સગાં વહાલાં.

માણસને જેમ કાકો, મામો, ભાઈ, બેન, માશી, મામી, વિગેરે સગા છે. તેમ ઘોડાને તેવાં કાંઇ સગાં નથી. પણ જેનો ઘાટ ઘોડાને મળતો આવે છે. તેવાંને તેનાં સગાં વહાલાં કહે છે.

ઘોડાનાં સગાં વહાલાંનાં નામ–ગધેડા તથા ખચ્ચર.

ઘોડામાં ને ગધેડામાં તફાવત–ઘોડો મોટો ને ગધેડો નાનો હોય છે, ગધેડાના કાન લાંબા હોય છે ને તેને પૂછડાના છેડે વાળ હોય છે. તથા તે શોભીતું નથી. પગે દાબડો હોય છે. ગધેડું આખો દિવસ કામ કર્યા કરે છે. તેનો ધણી તેની બહુ સંભાળ લેતો નથી. તેનો ખોરાક બહુ સાદો અને સોંઘો એટલે ડાંગરનું પરાળ ફોતરા ઓગઠ વગેરે છે.

ખચ્ચર–એ પણ ઘોડાની જાતનુંજ પ્રાણી છે. તેના કાન ગધેડાની પેઠે લાંબા છે પણ તે ઘોડા કરતાં નાનું તથા ગધેડા કરતાં મોટું છે. તેથી તેને ગાડીએ જોડે છે તે પ્રાણી ઘણો વખત સુધી કામ કરે પણ થાકતું નથી. તથા મોટા પર્વત ને પાણીવાળી જગ્યામાં ચાલવાને બહુ કામ લાગે છે તે ગધેડાની પેઠે હુંકે છે વળી તે ગધેડા જેવું ધીરજવાળું પ્રાણી છે તેને પગે પણ ઘોડા તથા ગધેડાની પેઠે દાબડા હોય છે એ ત્રણે જનાવર લાદ કરે છે ને માણસને બહુ ઉપયોગી છે ઘોડા અને ગધેડા કરતાં ખચ્ચર બહુજ મજબુત તથા ઉતાવળું દોડનાર હોય છે.

પાઠ ૧૪ મો શરીરના મુખ્ય ભાગો.

આપણા શરીરમાં આંખ જોવાનું કામ કરે છે કાન સાંભળવાનું કામ કરે છે પગ ચાલવાનું કામ કરે છે એમ જુદા જુદા ભાગો જુદુ જુદુ કામ કરે છે.

શરીરના ભાગો—ડોકું છાતી પેટ હાથ પગ એ છે પણ મોટા ભાગો તો ડોકું ને ધડ એ બેજ છે.

ડોકમાં આવેલા ભાગો—ડોકા ઉપર માથું છે તેના ઉપર વાળ ઉગે છે માથા નીચે કપાળ છે કપાળ નીચે બે આંખો છે તેના ઉપર કાળાં ભમર છે આંખો ઉપર પોપચાં છે પોપચાં ને છેડે પાંપણ છે તે આંખનું રક્ષણ કરે છે બન્ને આંખની વચમાં નાક છે ત્યાંથી શ્વાસ લેવાય છે. નાક નીચે મોઢું છે તેમાં જીભ, દાંત તાળવું છે નાકની ને કાનની વચ્ચે ગાલ છે. મોં ઉપર હોઠ છે હોઠ નીચે હડપચી છે.

ગળુ—ડોકાની નીચે પાસેજ ગળુ જ છે તેના પછવાડેના ભાગને બોચી કહે છે આગળ હડીયો છે તે જરા દબાય તો આપણો શ્વાસ બંધ થતા આપણે મરી જઇએ છીએ.

ધડમાં આવેલા ભાગો—ધડના ઉપલીમેર ખભા છે તેની નીચે કોણી છે ત્યાંથી હાથ એક તરફ વળે છે બન્ને ખભાની વચ્ચે છાતી છે છાતી નીચે પેટ ને પેટની નીચે પેડું ને પેડાની બન્ને બાજુમાં કેડ છે છાતી પેટ ને કેટના પાછલા ભાગને બરડો કહે છે કેડ નીચે પગ છે સાથળ આગળ જાડા છે પગના વચલા ભાગમાં ઢીંચણ છે ત્યાંથી પગ વળેછે ઢીંચણ નીચે નળા છે તે પગની પોચે. ઢીંચણ સાંધા વગરના આખો છે તેથી વળતો નથી પાટલી

નીચે તળીયુ છે ને પછવાડે એડી છે. દરેક હાથ તથા પગમાં સાંધાવાળાં પાંચ પાંચ આંગળાં છે.

પાઠ ૧૫ મો ઇંદ્રિયો.

કોઇ પણ વસ્તુને એક વખત આંખેથી જોઇ હોય ને પાછા ઘણે વખતે તે વસ્તુ બીજી વખત જોવામાં આવે તો આપણને એવું જ્ઞાન થાય છે કે આ વસ્તુ મેં જોઇ છે. એવી રીતે જેનાથી આપણને કાંઇક જ્ઞાન થાય છે તેને ઇંદ્રિયો કહે છે.

ઇંદ્રિયોનાં નામ—ઇંદ્રિયો પાંચ છે, આંખ, કાન, નાક, જીભ ને ચામડી.

દરેક ઇંદ્રિયનું કામ—આંખથી જોવાનું જ્ઞાન થાય છે, તેથી તે વસ્તુ કેવા રંગની તથા કેવા આકારની છે તે તરત જણાઇ આવે છે. (૨) કાનેથી સાંભળવાનું જ્ઞાન થાય છે, તેથી બંદુક તોપ, વગેરેના અવાજ સાંભળી અનુમાન કરી શકીએ છીએ તથા કોઇ જનાવરના અવાજ સાંભળી તે કોનો અવાજ છે વગેરે કહી શકીએ છીએ. (૩) નાકથી સુંઘી શકીએ છીએ. તેથી સારી, નરસી વાસ ઓળખાય છે. (૪) જીભ એવી સ્વાદ જાણી શકાય છે. તેથી કોઇ વસ્તુ ખાવી કે ન ખાવી તેનું જ્ઞાન થાય છે. લીંબડાનાં પાન કડવાં લાગે છે. કરીઆતુ કડવું લાગે છે સાકર મીઠી લાગે છે લીંબુ ખાટું લાગે છે વગેરે. (૫) ચામડી તેથી અડકવાના ગુણની ખબર પડે છે. કોઇ વસ્તુ ટાઢી છે કે ઉની, તથા નરમ છે કે કઠણ તથા સુંવાળી છે કે ખરહટ વગેરે જણાય છે. અડકવાનો ગુણ સાથી સારો આંગળીનાં ટેરવામાં રહેલો છે.

ઇશ્વરનો ઉપકાર—આપણને ઇશ્વરે એ બધી ઇંદ્રીયો

સારી આપેલી છે તેથી આપણે સુખ ભોગવી શકીએ છીએ પણ જેને એકાદ ઇંદ્રીની ખોટ હોય તેને બહુ દુઃખ ભોગવવું પડે છે [બધાએ ઇશ્વરનો પાડ માની તેની સેવા કરવી જોઇએ.

પાઠ ૧૬ મો રંગ.

માણસો શોભા માટે લુગડાં રંગે છે. તે રંગો ઘણી જાતના હોય છે. તેમાં લાલ, પીળો ને વાદળી એ ત્રણે રંગો તો આપણે પહેલીમાં શીખી ગયા છીએ તેને મુળ રંગ કહે છે. કેમકે તેમાં બીજા કોઇ રંગો મેળવવા પડતા નથી.

લાલ રંગ—કંકુ, સુડાં મરચાં, પોપટની ચાંચ વગેરેનો રંગ લાલ છે.

પીળો રંગ—હળદર, કેસર. સોનું, પીત્તળ વગેરેનો રંગ પીળોછે.

વાદળી રંગ—મોરની ડોક, ગળી, કબુતર, મીસું વગેરેનો રંગ વાદળી છે.

આ ત્રણ સિવાય બીજા ઘણી જાતના રંગ જોવામાં આવેછે. તેને મિશ્ર રંગ (એટલે એક બીજા રંગો ભેગા કરી બનાવેલા) કહે છે.

નારંગી રંગ—એક પ્યાલામાં રાતા રંગનું પાણી કરો ને બીજામાં પીળા રંગનું પાણી કરો પછી તે બેઉને એકઠું કરી અંદર ધોળું કપડું બોળશો તો તેને નારંગી રંગ ચડશે. નારંગી ફળ આવે છે તેને માથે એવો રંગ છે. પીળો કાચ ને રાતો કાચ એક બીજાં ઉપર મુકી જોશો તોપણ નારંગી રંગ જણાય છે.

લીલો રંગ—પીળા રંગના પાણીમાં વાદળી રંગનું પાણી નાંખશો તો લીલો રંગ થઇ જશે. તેમાં ધોળું લુગડું બોળશો તો તેના ઉપર લીલો રંગ ચડી જશે. પીળો કાચ તથા વાદળી

કાચ એક બીજાના ઉપર રાખી જોશો તો લીલો રંગ દેખાશે. ઝાડનાં પાંદડાં, પોપટની પાંખ, કાચી કેરી વગેરેનો રંગ લીલો છે.

જાંબુઓ રંગ—વાદળી રંગના પાણીમાં લાલ રંગનું પાણી નાંખશો તો જાંબુઓ રંગ થશે. વાદળી કાચ તથા રાતો કાચ એ એક બીજા ઉપર રાખી જોશો તો જાંબુઓ રંગ દેખાશે.

માટે—લાલ ને પીળો મળી નારંગી	રંગ બને છે.
પીળો ને વાદળી મળી લીલો	
વાદળી ને રાતો મળી જાંબુઓ	

આ વિના ઘેરા, ખુલતા ને ઝાંખા મૂળ રંગો એક બીજાની સાથે મેળવવાથી કીરમજી, કેસરીઓ, તપખીરીઓ, રાખોડી, પોપટીઓ લાખીઓ આંબલીયો વગેરે રંગો બને છે.

ગુલાબી રંગ બનાવવા વિષે—થોડો ખુલતો લાલ રંગ લઇ તેમાં ધોળો રંગ નાંખવાથી ગુલાબી રંગ થાય છે.

પાઠ ૧૭ મો લુગડાં.

અમૃતલાલ નામનો છોકરો પોતાના બાપને પૂછવા લાગ્યો કે આપણી ભેંસને મારા જેવો કોટ કેમ નથી ? આવાં પ્રશ્નને તેના બાપે ધિક્કારી નહીં નાખતાં ઘણો સારી રીતે ખુલાસો કર્યો. ને કહ્યું કે તેની ચામડી જાડી છે તથા તેના ઉપર વાળ છે તેથી તેને ટાઢ વાતી નથી. માટે એમ સમજ કે પશુ વગેરેને પરમેશ્વરે લુગડાં સાથે જન્મ આપેલો છે [illegible] બને છે તે તું જાણે છે ? નાજી, તેની [illegible]

સુતરાઉ લુગડાં—કાલા બ[illegible]

તરમાંથી વીણી લાવી કપાસ કાઢે છે. કપાસને પીલી રૂ ને કપાસીઆ જુદા પાડે છે. તે કપાશીઆ ઢોરના ખાવામાં તથા વાવવાના કામમાં આવે છે. રૂને કાંતી સુતર કરી તેનાં લુગડાં બનાવે છે. તેમાંથી ખાદી, માદરપાટ, જગન્નાથી, મલમલ વગેરે ઘણી જાતનાં લુગડાં. બનાવે છે. તે સુતરમાંથી બન્યાં માટે તેને સુતરાઉ લુગડાં કહે છે. ત્યારે શું બીજી જાતનાં લુગડાં હશે? હા, જો તારી બેનનો આ કબજો છે તે રેશમી છે તે કેવો સુંવાળો છે.

રેશમી કાપડ—રેશમ એક જાતનો કીડો બનાવે છે તેના તાંતણા બેગા કરી લુગડાં વણે ત્યારે એને રેશમી લુગડાં કહે છે તે બહુ મોંઘા મળે છે.

ત્યારે બાપા! તમારો કામળો તેમ કંતાન છે તે શેમાંથી બનેલાં હશે?

ઉનનાં લુગડાં—ઘેટાંના શરીર ઉપર ઉન થાય છે તે ઉનાળામાં ઉતારી તેને કાંત ને પછી તેનાં લુગડાં વણે તે ઉનનાં લુગડાં કહેવાય છે તે ઉન ગરમીને રોકે છે માટે શીઆળામાં ઉનનાં લુગડાં પહેરે છે.

શણનાં લુગડાં—આ કંતાન એ શણમાંથી બનેલું છે. શણના છોડમાંથી રેસા ઉતારીને તેને કાંતી પછી લુગડાં વણે છે.

જો ભાઇ આ ચિત્રમાં એ વાંદરાં જેવાં ઉભા તે માણસ છે તે બહુ જંગલી છે. તેમને અનાજની તથા રૂ, ઉન કે એવી કાશની ખબર નથી પડી તેથી તેઓ વગડામાં જે તે ખાય છે તે જનાવરને

ચામડાંનાં લુગડાં પહેરે છે તેથી તેમને ટાઢ વાતી નથી.

છાલનાં લુગડાં પહેરે છે.

અગ્નિના પેહેરવાથી ટાઢ તડકો ઓછા

લાગે તથા શરીર સારૂં શોભે વળી કોઇ તો વધારે શોભા માટે પોતાના લુગડાં રંગમાં રંગીને પહેરે છે.

પાઠ ૧૮ મો. પિરામિડ.

પિરામિડ એ એક જાતનો આકાર છે આફ્રિકાના અસલ વતનીઓ મોટા રાજા બંધાવતાં તેને પિરામિડ કહેતા ત્યાર પછી તેના જેવો જેનો આકાર હોય તેને પણ પિરામિડ કહે છે.

પિરામિડની જાતો—પિરામિડનો જેવો પાયો તે પ્રમાણે તેનું નામ આપવામાં આવે છે તે ઉપરથી ત્રિકોણ પિરામિડ ચોરસ પિરામિડ કાટખુણ ચોખુણ પિરામિડ પંચખુણ પિરામિડ ષટ્કોણ પિરામિડ વગેરે જાતો છે.


ગારામાંથી ચોખુણ પિરામિડ બનાવવા વિષે—પ્રથમ ગારાનો થભાંલો કરવો ને તેનો પાયો ચોરસ થાય તેમ ચારે બાજુ એથી ટીપીને તેને સરખો કરવો પછી ઉપરની દરેક બાજુને સંકોચાવી ઢાળવી કરવી ને ચારે સંકોચાએલી બાજુઓની ઉપર જતાં એક અણી થઇ જશે તેવા આકારને ચોરસ પિરામિડ કહે છે.

ત્રિકોણ પિરામિડ—પ્રથમ ગારામાંથી ત્રિકોણકાર થંભ કરવો પછી તેની દરેક બાજુઓ ઉપરથી ટીપી ટીપીને ઢાળ પડતી કરવી ને ઉપર એક અણીમાં મળે તેમ કરવાથી ત્રિકોણ પિરામિડ "


પિરામિડની ટોચ—પિરામિડની ઉપર

જુઓ મળી એક અણી જેવું થઇ જાય


પાઠ ૧૯ રોમ્બસ રોમ્બાઇડ.




ચોરસ—ચારે સરખી સળીઓ લઇ સામસામે બરાબર ગોઠવો એ એટલે તે ચોરસ માપ થશે,



રોમ્બસ—સળી વતી બનાવેલ ચોરસના સામસામેના ફક્ત બે ખુણા એવી રીતે તાણો કે કોઇ પણ સળીના છેડા એક બીજીથી જુદા ન પડે તો તેવા આકારને રોમ્બસ કહે છે.



લંબચોરસ—બે વળી નાની તથા બે સળીઓ મોટી લઇ બન્ને બરાબર સામસામે ગોઠવવી જેથી લંબ ચોરસ થશે.



રોમ્બાઇડ—બીજી ચોપડીની આસપાસ ચાર સળીઓ મુકી તે ચોપડી ઉપાડી લો તો એ ચારસળીઓથી લંબચોરસ થશે તેના સામસામેના બે ખુણાને એવી રીતે ખેંચવા કે તે ચાર સળી એક બીજાના છેડાને અડકી રહેતો જે આકાર થશેતે રોમ્બાઇડ થશે.

રોમ્બસ—ચોરસના સામસામેના બે ખુણા ખેંચવાથી રોમ્બસ થાય.

''ર—લંબચોખુણના સામસામેના બે ખુણા ખેંચવાથી

પાઠ ૨૦ તોલ અને માપ.

આ પૃથ્વી ઉપર બધી ચીજો એકજ માણસ પાસે હોતી નથી કોઇની પાસે કાંઇ તો કોઇની પાસે કાંઇ પણ તે એક બીજા પાસેથી લઇ તેનો ઉપયોગ કરી શકે છે જેવામાં તોલ માપ તથા ગણત્રીચાલેછે

તોળવાના સાધનો—(૧) તોળવા માટે ત્રાજવાં કર્યા છે. તેમાં એક તરફ વસ્તુ મુકી બીજી તરફ કાટલાં મુકે છે ને બન્ને પલ્લાં સરખાં રહે ત્યારે તે વસ્તુ તે કાટલા જેટલી થઇ ગણાય છે (૨) કાટલાં થોડા ઘસાય તથા ભાંગે નહિ ને થોડી કીમતે મળે એને માટે લોઢાનાં વાપરવામાં આવે છે. તેમાં અધોળ, નવટાંક, પાશેર, અચ્છેર. શેર, બશેરી, ચારશેરી, દશશેરો, આધમણુ, મણીકું, એટલા છે, વળી ઘણી મોંઘી વસ્તુ તોળવા માટે રૂપિઆ, બેઆની, પાવલી, અડધો, વગેરે મુકી તોળા આપે છે.

તોળવાથી ફાયદા—તોળવાથી વસ્તુઓ બરાબર મળે છે. જેથી લેનાર કે દેનાર કોઇ છેતરાતા નથી કદાપિ કોઇ ખોટી દાંડી તથી ઓછાં કાટલાં રાખી આગલા માણસને છેતરે તો એવા લુચ્ચા વેપારીને સરકાર સજા કરે છે.

કાટલાંનો રૂપિઆ જોડે સંબંધ—એક શેર બરાબર ૪૦ રૂપિઆભાર; અચ્છેર બરાબર ૨૦ રૂપિઆભાર પાશેર બરાબર ૧૦ રૂપિઆભાર; ને નવટાંક બરાબર ૫ રૂપિઆભાર; વગેરે બાબત ત્રાજવા વડે તોળવાથી બરાબર જણાય છે.

પણ બધે ઠેકાણે બધી ચીજો તોળીને અપાતી નથી કેટલીક ભરીને તથા કેટલીક માપીને અપાય છે.

માપવાના સાધનો—પલી પવાલું ""

માંપવાથી થતા ગેરફાયદા-

માપમાં બરોબર આપે પણ તે તોળતા ઓછાં ઉતરે છે ને વ' કોઇ માપતા બરાબર થાય ને તોલમાં વધી જાય છે માટે માપ બ કરી બધે તોલબંધી લેવડ દેવડ ચાલે કોઇને ગુચવણ ન થાય

ભરવાના સાધનો—લુગડાં, લાકડાં રાંઢવાં વગેરે ચી ફુટ, હાથ, ગજ, વાર, વગેરેથી ભરાય છે.

૧ ફુટ ૧૨ ઇંચ. ૧ વાર બરાબર ૧॥। હાથ અથવા ૩૬ ઈ અથવા દોઢ ગજ ૧ હાથ બરાબર ૨૦॥ ઇંચ ગજ બરાબર ૨૪ ઈ

ઇંચ એટલે એક તસુ અથવા એકવડીઆ પૈસા જેટલું લંબુમા

પાઠ ૨૧ મો પંચખુણુ તથા ષટખુણુ.

આકૃતિઓ ઘણી જાતની હોય તેમાં ઓછામાં ઓછા ત્રણ ને વધારેમાં વધારે ગમે તેટલા ખુણા હોય છે જેમાં ત્રણ ખુણા હોત તે ત્રિકોણ ચાર હોય તે ચતુષ્કોણ પાંચ હોય તે પાંચકોણ છ હોય તે ષટ્કોણ વગેરે.

પાંચ કોણ કરવા વિષે—પાંચ સરખી સળીઓ લઇ એકબા જાના છેડા અડે તેમ રાખી ગોળ હદ પુરી દેશો તો તેમાં પાંચ ખુણા પડશે માટે એવા આકારને પંચખુણુ કહેલું છે.

ષટ્ખુણુ—છ સરખી સળીઓ લેઇ એક બીજાના છેડા અડે તેમ ગોળ રાખી હદ પુરવાથી છ ખુણુ થશે.

કાગળમાંથી ષટખુણુ કરવા વિષે—પ્રથમ કાગળનો ત્રિ-ક કરી તેનાં ત્રણ ખુણા જરા જરા છેટેથી વાળવા કે તે ત્રણે ને જરા જરા અડે તેવી રીતે વાળવા વાળેલ ભાગ ખુણ બનશે.

સમાપ્ત.